ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૫-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

## સામ્રાજ્ઞીનું પુનરાગમન

એક તબક્કે એવું લાગવા માંડેલું કે જયલલિતાનું રાજકારણ હંમેશને માટે પૂરું થઇ ગયું. અદાલતે એમને એવી કડક સજા કરી હતી કે તેઓ દસ વર્ષ સુધી ચૂંટણી જ ન લડી શકે. પરંતુ અમ્મા ફિનિક્ષ પંખીની જેમ રાખમાંથી બેઠાં થઇ ગયાં છે. છેલ્લી ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદીનો કરિશ્મા આખા દેશમં ચાલ્યો હતો પરંતુ કાશ્મીર, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ તથા કેરળમાં એમનો વિજયરથ અટકી ગયો હતો. જયલલિતાને ત્યાંની પ્રજાએ યુપીએ સરકારના 'કૌભાંડી ભાગીદાર' ડીએમકેનાં સૂપડાં સાફ કરીને વિક્રમજનક સફળતા અપાવી હતી. તમિળ અસ્મિતાનાં પ્રતીક બની રહેલાં જયા અમ્મા બહુ જ મહત્ત્વાકાંક્ષી રાજકારણી છે. એમને તમિળનાડુનું ક્ષેત્ર નાનું લાગવા માંડ્યું હતું અને તેઓ વડાપ્રધાનપદનાં સપનાં જોવા માંડ્યા હતા. લોકસભાની ચૂંટણી પૂર્વે સરજાયેલી પ્રવાહી પરિસ્થિતિમાં એ સપનું સાકાર થાય એવી શક્યતા નકારી શકાય એમ નહોતી. જયા અમ્મા એક કુશળ રાજકારણીની જેમ દૂધમાં અને દહીમાં - બેઉ તરફ પગ રાખતાં હતા. નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ એનડીએ ૨૪૦-૨૫૦ બેઠકોની આસપાસ આવી જાય તો જલલલિતાનું શરણું શોધ્યા વગર એમને છૂટકો જ ન થયો હોત. એ જ રીતે ત્રીજા મોરચાના નામે સત્તાકારણ કરી રહેલા મુલાયમ, નીતીશ અને બીજા નેતાઓ ઉપરાંત યુપીએ પણ જયલલિતાની તમામ શરતો સ્વીકારી લઇ એમની સત્તાભૂક સંતોષવા તૈયાર થયા હોત કારણ કે તેઓ કોઇ પણ ભોગે મોદીને વડાપ્રધાન પદે પહોંચતા અટકાવવા માગતા હતા. જયલલિતાનું એ સપનું ભાજપને એકલા હાથે સ્પષ્ટ બહુમતી મળતાં રોળાઇ ગયું હતું. એમનો દબદબો તમિળનાડુ પુરતો અકબંધ રહેવા પામ્યો હતો, પરંતુ અખિલ ભારતીય સ્તરે નેતૃત્વ સ્થાપિત કરવાના અભરખા અધૂરા જ રહ્યા હતા. તે પછી એક ફટકો એમને સ્પેશિયલ કોર્ટ દ્વારા જયલલિતા વિરુદ્ધ જાણીતાં આવકનાં સ્ત્રોતોના પ્રમાણમાં અપ્રમાણસર સંપત્તિના કેસમાં આવેલ ચુકાદાથી પડ્યો હતો. ચુકાદની જયલલિતાનું વિધાનસભાનું સભ્યપદ રદ થયું હતું. અને તાબડતોબ મુખ્યમંત્રીના શણગાર ઉતારી એમને જેલમાં જવું પડ્યું હતું. જયલલિતા દબદબો જોતાં એમની સામેનો કેસ પણ ચેન્નાઇને બદલે બેંગ્લોર (કર્ણાટક)માં ચલાવવો પડ્યો હતો. વર્ષો પછી આવેલા આ ચુદાદા સામે એમણે કર્ણાટક હાઇકોર્ટમાં અપીલ કરતાં બાજી પલટાઇ ગઇ છે. જયલલિતા સામેના અપ્રમાણસર સંપત્તિના આક્ષેપોમાં હાઇકોર્ટને વજૂદ નથી વરતાતું, તે આપણા ન્યાયતંત્રની બલિહારી છે! સ્પેશિયલ કોર્ટે વર્ષો સુધી તપાસ કર્યા પછી જેમને ગુનેગાર ઠરાવી ચૂંટણી લડવા માટે પણ ગેરલાયક ઠરાવી ચૂકી હતી, એની સામે કલમના ગોદે એ રાતોરાત શુદ્ધ બની ગયાં છે. પોતાની મુખ્યમંત્રીની ગાદી વિશ્વાસુ સાથીને સોંપી જેલમાં સિધાવેલા અને પાછળથી શરતી જામીન મેળવી પોતાના નિવાસસ્થાને નજરકેદ રહેતાં જયલલિતા જેવા નિર્દોષ જાહેર થયાં કે તરત જ એમને પુનઃ મુખ્યમંત્રીપદે બિરાજમાન કરવાની કાર્યવાહી આરંભાઇ હતી. રામના વનવાસ વખતે એમની પાદુકાઓને સિંહાસનસ્થ કરી એમના 'પ્રોક્સી' તરીકે વહીવટ સંભાળનારા ભરતની જેમ સામ્રાજ્ઞી જયા અમ્માના વફાદાર-પ્રોક્સી મુખ્યમંત્રી ક્ષણનોય વિલંબ કર્યા વિના ખસી ગયા છે. ફરીવાર જયા સરળતાથી ચૂંટાઇ શકે એટલા સારુ એમના એક ધારાસભ્યે તત્કાળ બેઠક પણ ખાલી કરી દીધી છે. પાર્ટીના વિધાનસભા પક્ષનાં નેતા તરીકે ચૂંટાવાની ઔપચારિકતા પૂર્વ કર્યા પછી જયલલિતાએ રાજભવન પહોંચીને સરકાર બનાવવાના દાવો પણ રજૂ કરી દીધો છે. એમને મહાભ્રષ્ટાચારી મુખ્યમંત્રી કહેનારા સુબ્રહ્મણ્યમ સ્વામી હવે એમની વિરુદ્ધ સર્વોચ્ચ અદાલત જશે, ઉંદર બિલાડીની રમત ચાલતી રહેશે પણ અમ્માને ઊની આંચ આવે એ વાતમાં માલ નથી. જયલલિતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મીઠા સંબંધો ધરાવે છે એ કોણ નથી જાણતું? સ્વામી કરતાં મોદીને વધારે જરૂર જયલલિતાની છે!



નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા પુનર્જાગરણ અભિયાન અંતર્ગત સરકારશ્રીની વિવિધ યોજનાઓ જન-જન સુધી પહોંચે તે માટે ગાંધીનગર જિલ્લાનાં ૬૦ જેટલા ભાઈ-બહેનોને તાલીમ આપવામાં આવી હતી. ૧૦૦ ગામોમાં ૩૪ દિવસ ચાલનારા આ મહાઅભિયાનમાં ટેબ્લો દ્વારા ઓડિયો વિડીયો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવશે. (તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...




એ.સી.ના જમાના ગયા...આ ગરમીમાં એ કામ નથી કરતાં... લાઈફ-સાઈઝ ફ્રીજ લઈ જાવ બે જણાં આરામથી બપોરનાં બે કલાક અંદર નીકળી જશે...!

# પરિણામ પહેલા જ ડે કેર સ્કૂલોમાં 'એડમીશન ટોકન'થી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૨

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાના પરિણામો હવે આવવામાં જ છે. ત્યારે નગરમાં વાલીઓ બાળકના ભવિષ્ય માટે વધુ સજાગ અને સતર્ક બની જવા લાગ્યા છે. બીજી તરફ નગરમાં ડે કેર સ્કૂલોની હરિફાઈ પણ તીવ્ર બની રહી છે. આ સંજોગોમાં ઘણી બધી ખાનગી ડે કેર સ્કૂલોએ 'એડમીશન ટોકન' લઈને વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ પ્રવેશ સુનિશ્ચિત કરી આપવાની પ્રથા ચાલુ કરી છે. વાલીઓ પણ પરિણામ બાદ પ્રવેશની દોડાદોડની ઝંઝટમાંથી બચવા પસંદ કરેલ ડે કેર સ્કૂલમાં 'એડમીશન ટોકન' જમા કરાવી નિશ્ચિંત થઈ રહ્યાં છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓને પરિણામ બાદ સૌથી વધુ મુંઝવતો પ્રશ્ન એડમીશનનો હોય છે તેમાં પણ ખાસ કરીને ધો-૧૦ પછી વિદ્યાર્થીએ કઈ દિશામાં કારકિર્દી ઘડવી તેનો મહત્વનો નિર્ણય લઈ તે મુજબ પ્રવેશ મેળવવાનો હોય છે. ધો-૧૧ અને ધો-૧૨ વિદ્યાર્થીની કેરિયર નક્કી કરવામાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે, આથી વાલીઓ આ બાબતે વધુ પડતા સજાગ અને સતર્ક હોય છે. આજકાલ ડે કેર સ્કૂલનું ચલણ વધતું જાય છે તેમાં વાલીઓને વિવિધ ટયુશન કે કલાસીસની મગજમારીમાંથી છુટકારો મળતો હોઈ વધુ પ્રચલિત બન્યું છે.

ગાંધીનગરમાં પણ ખાનગી ડે કેર સ્કૂલો વચ્ચેની સ્પર્ધા દિવસે ને દિવસે તીવ્ર બનતી જાય છે. આ પરિસ્થિતિમાં વધુ વિદ્યાર્થીઓ અંકે કરવા ડે કેર સ્કૂલોએ 'એડમીશન ટોકન'ની નવી પ્રથા અમલમાં મુકી છે. 'એડમીશન ટોકન' દ્વારા વિદ્યાર્થીને ધો-૧૦ના પરીણામ પહેલા જ તેનો પ્રવેશ સુનિશ્ચિત કરી આપવામાં આવે છે. પરિણામ બાદ બાકીની ફી ભરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે. 'એડમીશન ટોકન' આપીને પોતાની પસંદગીની સ્કૂલમાં પ્રવેશ સુનિશ્ચિત કરી પરિણામ બાદ પ્રવેશ માટેની દોડધામમાંથી નિશ્ચિંત થઈ જવાના કારણે વાલીઓ પણ આ પ્રથાને સારો આવકાર આપી રહ્યાં છે.

# રાષ્ટ્રિય પુરસ્કાર વિજેતા 'નારીત્વ દર્શન' ફિલ્મનો સ્ક્રીનીંગ શો

ગાંધીનગર, તા. ૨૨

બ્રહ્માકુમારી ડૉ. સુનિતાદીદી ચંદક (પીએચ.ડી.) વિષયવસ્તુ સાથે નિર્દેશીત અને અમન યતન વર્મા એન્કરીંગ આ ૨૮ મિનિટના પ્રેરણાયાદી, હૃદય સ્પર્શી પ્રથમ એપીસોડમાં નારીની અમાપ શક્તિને પ્રતિબિંબિત કરી માનવીને તેની અનુભૂતિ કરાવતી, એક નોકરડી નારીમાંથી પ્રતિષ્ઠિત લેખિકા કઈ રીતે બને, નારીના આત્મસન્માન અંગે સળગતા પ્રશ્નો આવરી લઈ પુરૂષો તથા મહિલાઓમાં હુંસાતુંસી, ઈર્ષ્યા, હરિફાઈના બદલે મહિલા અને પુરૂષોની પરસ્પર ભૂમિકા વિષે જાગૃતિના કોન્સેપ્ટ તથા ભારત સરકારના ભૂતપૂર્વ તકેદારી આયુક્ત અતિથિ વિશેષ કુ. રંજનાકુમારના અનુભવો સાથેનો એપીસોડ-૧ 'સ્વમાન યા પુરૂષ સમાન'ની ફિલ્મ બ્રહ્માકુમારીઝ દ્વારા રવિવાર તા. ૨૪મી મે, ૨૦૧૫ના રોજ સિટી પલ્સ થીએટર, ઉર્જાનગર ગાંધીનગર ખાતે સ્ક્રીન-૧ અને સ્ક્રીન-૨ પર દર્શાવવામાં આવશે. જેમાં સ્ક્રીન-૨ની ૩૬૧ સીટ્સ હાઉસફુલ છે. જ્યારે સ્ક્રીન-૧માંની કુલ ૪૬૦ સીટ્સ પૈકીની થોડી સીટ્સ ઉપલબ્ધ છે. ફિલ્મ શોનો પ્રારંભ સવારે ૯.૩૦થી ૧૧.૦૦ દરમ્યાન થશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી (સ્વતંત્ર હવાલો) તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રો. વસુબેન એન. ત્રિવેદી રહેશે.

આ ફિલ્મ શૉ ભાઈઓ અને બહેનો બંને માટે ખુલ્લો છે. પ્રવેશ પાસ માટે કોઈ ફી રાખેલ નથી પણ પાસ હોવો ફરજિયાત છે. પાસ વિના પ્રવેશ મળી શકશે નહી. માટે વહેલાં તે પહેલાંના ધોરણે વિના મૂલ્યે પ્રવેશ પાસ માટે મોબાઈલ નંબર (૧) ૯૮૭૯૬૧૨૧૧૨, (૨) ૯૮૭૯૬૧૨૧૧૦, (૩) ૯૮૭૯૬૧૨૧૨૦, (૪) ૯૯૦૯૦૬૬૬૬૩ નો સંપર્ક કરવા બ્રહ્માકુમારીઝ ગાંધીનગર કેન્દ્રના મુખ્ય સંચાલિકા બી.કે. કૈલાશદીદી અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સ્ટેમ્પ વેન્ડરોને કમિશન વધારી આપવા માંગ

### દસ વર્ષમાં સરકારે મોંઘવારી ભથ્થામાં ૧૧.૩ ટકાનો વધારો કર્યો : પરંતુ સ્ટેમ્પ વેન્ડરોના કમિશનમાં વધારો નહિ

ગાંધીનગર, તા. ૨૨

દેશ અને રાજયમાં મોંઘવારીના મારથી અનેક લોકો પીડાય છે. જીવન જીવવું શકય નહિ અશકય બનતું જાય છે. આ મોંઘવારીના મારથી સ્ટેમ્પ વેન્ડરો પણ બચી શકયા નથી. વર્ષોથી સરકારે ફિકસ કરેલા કમિશનથી સ્ટેમ્પ વેન્ડરોના પેટનો ખાડો પુરાતો નથી ત્યારે ગાંધીનગર શહેર નાગરિક પરિષદે નાણામંત્રીને પત્ર લખી કમિશન વધારવા રજુઆત કરી છે.

ગુજરાત રાજયની રચનાથી રાજયની આવકમાં દરરોજ સોગંદનામા, મકાનના દસ્તાવેજ, વ્યાપારિક વહેવારમાં અધિકૃત સ્ટેમ્પ પેપરોના ઉપયોગનો સિંહફાળો રહે છે. સામાન્ય નાગરિકને ડગલે ને પગલે સ્ટેમ્પ પેપરની જરૂરિયાત રહે છે. આ તમામ કામગીરી મુખ્યત્વે સ્ટેમ્પ વેન્ડરો મારફતે થાય છે.

સરકારે વર્ષોથી સ્ટેમ્પ વેન્ડરોના અલગ અલગ કમિશન નક્કી કર્યા છે. જેમાં રૂ. ૨૦થી ૧૦૦ સ્ટેમ્પ પેપર પર ૩ ટકા રૂ. ૫૦૦થી રૂ. ૨૫૦૦૦ના સ્ટેમ્પ પેપર પર ૧ ટકા તેમજ કોર્ટ ફી, રેવન્યુ એગ્રીમેન્ટ માટે ૧ ટકાથી ૩ ટકા કમિશન બાંધવામાં આવ્યું છે. જે કમિશનથી ખુદ સ્ટેમ્પ વેન્ડર પોતાનો ખર્ચ પણ ઉઠાવી શકતો નથી.

મહાકાય મોંઘવારીમાં શાકભાજી-કરિયાણું, અનાજ, દૂધ, છાશ, સહિતની ખાદ્યચીજોના ભાવ આસમાનને આંબી રહ્યા છે ત્યારે આ કમિશનથી શું થાય? એક સ્ટેમ્પ વેન્ડર નાના-મોટા સ્ટેમ્પનું વેચાણ કરી માંડ દિવસના રૂ. ૧૪૫ કમાઈ શકે છે. જેમાં સ્ટેશનરી ખર્ચ, રજીસ્ટર, પેટ્રોલ ખર્ચને ઉમેરવામાં આવે તો 'કયાં ગયા તા કયાંય નહિ ને શું લાવ્યા' જેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

વેન્ડરોને બી.પી. એલ. કેટેગરીમાં પણ ગણવામાં આવતા નથી ત્યારે વેન્ડરોની દશા અને દિશા બદલવા રૂ. ૨૦થી ૧૦૦ના સ્ટેમ્પ પર ૬ ટકા, ૫૦૦થી ૨૫૦૦૦ના સ્ટેમ્પ પર ૩ ટકા રેવન્યુ, એગ્રીમેન્ટ વગેરેમાં ૫ ટકા કમિશન કરવા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે સ્ટેમ્પ વેન્ડરો વતી રાજયના નાણામંત્રી સૌરભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે. અને આ રજૂઆતને ગ્રાહ્ય રાખવા વિનંતી કરી છે.

# ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળની પુનઃ રચના માટે ગાંધીનગર અનુસૂચિત જાતિ/જનજાતિ, સારીરિક શૈક્ષણિક પછાત વર્ગના તમામ કર્મચારી ભાઈ બહેનોની સામાન્ય સભા વિધાનસભા કેન્ટીનમાં આગામી તા. ૧ જૂન સોમવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે મળશે. આ બેઠકમાં તમામ કર્મચારીઓને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યુ છે.

# વણકર સેવા સમાજના યુવક-યુવતિઓએ નાણાં ભર્યાની પહોંચ મેળવી લેવી

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ વણકર સેવા સમાજનું જીવનસાથી પસંદગી સંમેલન આગામી ૩૧ મે, રવિવાર સાંજે ૪-૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર મેમોરિયલ હોલ સરસપુર, અમદાવાદ ખાતે મળશે. સંમેલનમાં ઉપસ્થિત રહેનાર ગાંધીનગરના યુવક યુવતિઓએ હાજર રહેવા માટે પ્રવેશ ફોર્મ ભર્યા છે. તેમણે દશરથલાલ પરમાર પાસેથી નાણા ભર્યાની પહોંચ મેળવી લેવા અને પસંદગી સંમેલનની બુક પ્રાપ્ત કરવા જણાવાયું છે.

**પ્રથમ વખત વર્કશોપનું આયોજન કરાયું**

# હવે ૧૦ જુલાઈથી નેશનલ પ્રોફેશન વર્કશોપની તૈયારી

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે આગામી ૧૦થી ૧૨ જુલાઈ દરમિયાન નેશનલ પ્રોફેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ સ્માર્ટ સિટીઝ ડેવલપમેન્ટ દ્વારા યોજાનાર આ વર્કશોપ જીટીયુના ચાંદખેડા સ્થિત કેમ્પસ ખાતે યોજાશે. ભારતમાં પ્રથમ વખત યોજાઈ રહેલા આ વર્કશોપમાં દેશના ટોચના અધિકારીઓ ઉપરાંત વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો ભાગ લેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતમાં ટેકનોલોજીકલ અભ્યાસક્રમોનું સંચાલન કરતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે ગત ૧૮ એપ્રિલ-૨૦૧૫ના રોજ ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ સ્માર્ટ સિટીઝ ડેવલપમેન્ટની સ્થાપના કરવામાં આવી છે. આ સ્કુલનો મુખ્ય ઉદ્દેશ્ય તેને રાષ્ટ્રીય નોલેજ હબ બનાવવાનો અને માનવ સંશાધન વિકાસ માટેના સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકેનો વિકાસ કરવાનો છે. આ ઉપરાંત જીટીયુ ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ સ્માર્ટ સિટીઝ ડેવલપમેન્ટની રચના કરવા પાછળ મુખ્ય આશય સરકારી અધિકારી વર્ગમાં ક્ષમતાનું ઘડતર કરીને તેના વિશે શિક્ષણ અને તાલીમ પાડવા તેમજ સરકાર માટે દિશાદર્શક સૂચનો કરવા અને તેને લાગતા તમામ પાસાઓનો ઉપયોગ કરીને અસરકારક રાષ્ટ્રીય સંશાધન કેન્દ્ર તકીકે સાધવાનો છે ત્યારે આ જીટીયુ ગ્રેજ્યુઅટ સ્કુલ ઓફ સ્માર્ટ સિટીઝ ડેવલપમેન્ટ દ્વારા આગામી ૧૦થી ૧૨ જુલાઈ દરમિયાન જીટીયુ કેમ્પસ ખાતે ભારતના પ્રથમ નેશનલ પ્રોફેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતમાં પ્રથમ વખત યોજાઈ રહેલા આ ત્રિદિવસીય વર્કશોપમાં નીતિ ઘડનાર વરિષ્ઠ અધિકારીઓ, શહેરી વિકાસ સાથે જોડાયેલ અણલદારો, મ્યુનિસિપલ અધિકારીઓ, ટાઉન પ્લાનર, આઈસીટી સાથે સંકળાયેલા અધિકારીઓ અને સંશોધકો તેમજ બિન સરકારી સંસ્થાઓના વડાઓ ભાગ લેશે. આ વિશિષ્ટ વર્કશોપમાં તાલીમ આપવાની કામગીરી વૈવિધ્યસભર નિષ્ણાતોની ટીમને સોંપવામાં આવી છે. આ વર્કશોપની વિશેષતા એ છે કે, તેમાં એક દિવસ વિવિધ પ્રોજેકટોની મુલાકાત અને તેના વિશ્લેષણ માટે ફાળવવામાં આવશે. તે પ્રોજેકટોમાં ગિફટ સીટી, બીઆરટીએસ, ટાઉન પ્લાનિંગ, ઈ-ગવર્નન્સ અને અન્ય પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે.

# પરાક્રમી પરદુ:ખભંજકનું પુણ્યસ્મરણ: કુમારકાર્તિકેય

**પ્રસંગસર**

## સ્કન્દષષ્ઠી

**રશ્મિકાન્ત મહેતા**

આજે જેઠ સુદ છઠ્ઠ સ્કન્દ સષ્ઠી છે એક જુલમી શાસકના ત્રાસથી પ્રજાને મુક્ત કરનારા પરદુ:ખભંજક અને પરાક્રમી કુમાર કાર્તિકેયનો આજે જન્મદિવસ છે. માત્ર આ હેતુથી એમનું અવતરમ થયેલું હતું.

'સ્કન્દષષ્ટી'નો બીજો અર્થ પણ સરસ છે. જેવી રીતે શિવપાર્વતી અથવા રામસીતા યુગલવાચક નામ છે; તેવું સ્કન્દષષ્ટીનું છે. સ્કન્દ અને ષષ્ઠી. કુમારકાર્તિકેયની પત્નીનું નામ ષષ્ઠી છે. બંને એકબીજાને તદ્દન અનુરુપ : કુમાર પરાક્રમી અને ષષ્ઠી શક્તિ સ્વરુપા. આ દેવી ષષ્ઠી ખરેખર તો ઇન્દ્ર પુત્રી દેવસેના હતી. પરંતુ દેવીઓના ક્રમમાં છઠ્ઠે ક્રમે હતી. લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, ગુર્ગા રાધિકા અને દેવસેના. તેના ક્રમને કારણે તે ષષ્ઠી દેવી તરીકે પ્રસિદ્ધ થઇ. કાર્તિકેયે પોતાની આ પત્ની સિવાય સંસારની બધી સ્ત્રીઓમાં માતા પાર્વતીનું રુપ જ જોયેલું હતું. બંનેની એકબીજા પ્રત્યેની નિષ્ઠા હતી તેથી જ આ યુગલ વાચક નામ સ્કન્દ ષષ્ઠી સુયોગ્ય છે.

દક્ષિણ ભારતમાં કુમારસ્વામીનો મહમા સવિશેષ છે. અહીં તેમને સુબ્રહ્મણ્યમ તરીકે ઓળખે છે. તેમને તો કાર્તિકેયનું જન્મસ્થળ તામિલનાડુનું તિરુપેન્દુર લાગે છે. દક્ષિણમાં એમની ઉપાસના કરનારાઓ સંપ્રદાય 'ષાણ્મત' તરીકે ઓળખાય છે. એમની સુંદર કાંસાની પ્રતિમાઓ દક્ષિણમાંથી મળે છે.

કાર્તિકેય યુદ્ધ, વિજય, વ્યવસ્થા અને અનુશાસનના દેવ છે.

વજાંગ અને વરાંગીનો પુત્ર અસુર તારક હતો. શુક્રાચાર્યે તેનો રાજ્યાભિષેક ર્યો, પછી તેણે દેવો અને લોકોને ત્રાસ આપીને પીડવા લાગ્યો. તેણે વરદાન મેળવી લીધું હતું કે શિવનો પુત્ર મને શસ્ત્રથી મારશે તો જ મારું મૃત્યુ થસે. યોગેશ્વર શિવ લગ્ન કરવાના જ ન હતા. તેથી તે નિરંકુશ બની ગયો. પરંતુ પાર્વતીએ પોતાની ઉગ્ર તપશ્ચર્યાથી શિવનું હૃદય જીતી લીધું. શિવપાર્વતીના વિવાહ થયા. એમને પુત્ર જન્મ થયો. જન્મ થયો ત્યારે હિમાલયનું એ શરવન હતું. છ કૃતિકાઓની નજરે તો પાડ્યો; એમના નામ આ પ્રમાણે હતા. હલીમા, માતા, હલ્ટી, આર્યા, બાલા અને ધાત્રી. આ એકદમ સ્વરુપવાન બાળક પ્રત્યે એમને વાત્સલ્ય પ્રગટ્યું. બાળકે સમાન ભાવે સૌનું દુગ્ધપાન કરી શકાય એટલે છ મુખ ધારણ કરી લીધા. વિષ્ણુએ આ બાળકને વાહન તરીકે મોર આપ્યો અને સરસ્વતીએ વીણા આપી. તે કુમાર અવસ્થામાં જ દેવોની સેનાના સેનાપતિ થયા. ભીષણ સંગ્રામને અંતે તારકાસુરને પરાજિત કર્યા અને તેનો વધ કર્યો.



કાલિદાસ (ઇ.પૂ. ૫૬) એ 'કુમારસંભવ' નામે સત્તર સર્ગનું મહાકાવ્ય રચ્યું છે. તેમાં કુમાર કાર્તિકેયનો જન્મ અને તારકાસુરના પરાજયનો વિષય છે. આમાંથી પહેલા આઠ સર્ગ નિશ્ચિતપણે કાલિદાસે જ રચેલા છે.

અઢાર પુરાણોમાં જે તેરમા ક્રમે છે, તેના પ્રવક્તા કાર્તિકેય છે. આ શૈવપુરાણ 'સ્કંદપુરાણ' છે. તેમાં ૯૦, ૧૦૦ શ્લોક છે અને સાત ખંડોમાં વહેંચાયેલું છે. આ પુરાણે ઇ.સ. ૮મી સદીમાં આકાર ધારણ કરી લીધો છે.

'અમરકોશ'માં (૧-૧-૩૮, ૩૯)માં કાર્તિકેય માટે સત્તર નામો આપ્યા છે. એમનાં વ્યક્તિત્વને પામવા માટે ઉપયોગી છે.

(૧) કાર્તિકેય - છ કૃતિકાઓ એમની પાલક માતાઓ હતી. કૃતિકા ચંદ્રપત્ની છે.

(૨) મહાસેન - તારક, મહિષાસુર વગેરેને પરાજિત કરી તેવી મોટી સેના હતી.

(૩) શરજન્મા : હિમાલયમાનાં શરનાં વનમાં જન્મ થયો હતો. શર ગ્રામીણ ઘાસ છે.

(૪) ષડાનન - છ માતાઓને સ્તનપાન ને એકસરખો સંતોષ મળે એટલે છ મુખ ધારણ કરી લીધા.

(૫) પાર્વતીનંદન - પુત્ર તરીકે પાર્વતીને આનંદ આપતા.

(૬) સ્કન્દ - શત્રુઓને કચડી નાખવાનું પરાક્રમ હતું.

(૭) સેનાની - દેવોની સેનાના સેનાપતિ હતા.

(૮) અગ્નિભૂ - એમના પ્રાગટ્યમાં અગ્નિનો સહયોગ હતો.

(૯) ગુહ - લોકનું રક્ષણ કરવા સમર્થ હતા.

(૧૦) બાહુલેય : એને અનેક માતાઓ હતી

(૧૧) તારકજિત - તારકાસુરને જીતી લીધો હતો.

(૧૨) વિશાખ - એના જન્મ સમયે વિશાખા નક્ષત્ર હતું.

(૧૩) શિખિવાહન - મોર એમનું વાહન હતું.

(૧૪) ષાણ્માતુર - એને છ કૃતિકાઓ માતા તરીકે હતી.

(૧૫) શક્તિધર - એ શક્તિસ્વરુપા ષષ્ઠીના પતિ હતા.

(૧૬) કુમાર - તારકવધ જેવું મહાપરાક્રમ એમણે કુમાર અવસ્થામાં કર્યું હતું.

(૧૭) કૌંચદારણ - એમણે અસુરમયના પુત્ર કૌંચને હણ્યો હતો.

આજે સ્કંદછઠને દિવસે ગૃહસ્થીએ કાર્તિકેયના પૂજનની વિશેષ અગત્યતા છે. પરિવારના દરેક સભ્યે પૂજા કરવી જોઇએ. તે ઇચ્છિત સામગ્રી તો આપે જ, જે પ્રાપ્ત થયેલું હોય તેનું રક્ષણ કરે છે, તે ક્ષેમના દેવ છે, રક્ષણના દેવ છે. પૂજાના પ્રારંભે અને અંતે ગણેશપૂજા જરુરી છે.

એ એમના નાના ભાઇ છે પૂજાની સામગ્રીમાં ભસ્મ રાખવી. નૈવેદ્યમાં સાકર અને બાજરાના લોટ રાખવો. કાર્તિકેયના ફોટા પાસે ભાલા આકારની શૂલ અને લાલ ધજા રાખવી. શૂલ એમનું શસ્ત્ર છે. શૂલ શક્તિનું અને ધજા વિજયનું પ્રતિક છે. એમનો બીજમંત્ર છે. ॥ ૐ મુહુગુવૈ નમઃ ॥ પૂજા પૂરી થાય પછી આઠ નાના બાળકોને ભાવતું ભોજન આપીને પ્રસન્ન કરવા. બાળક કાર્તિકેયનું સ્વરુપ છે; કુમારસ્વરુપ છે. કાર્તિકેયને લાલ રંગના પુષ્પની માળા અર્પણ કરીને ધજા ઘરની ઉપર રાખવી. જયાં કાર્તિકેય છે; ત્યાં શિવ છે અને શક્તિ પણ છે.

આજના દિવસે પરાક્રમ, નિર્ભયતા, સુવ્યવસ્થા, અનુશાસન, પરોપકાર વગેરે અનેક સંદેશ આપતાં કુમાર કાર્તિકેયને શ્રદ્ધાસભર સ્મરણાંજલિ.